સીડીપી-૨ મોજણી અને અભ્યાસના આયોજન
માટે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રની
રૂ. ૩૫૦૦-૦૦ લાખની ચાલુ બાબતની
જોગવાઈની વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ગકમ-૧૦૨૦૧૭-૪૬૫-ડ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૭/૦૬/૨૦૧૭

**વંચાણે લીધા:-**

(૧) વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગરનો તા.૧/૬/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : વિક/પંચાયત/યુ.-૩/ગરીબ કલ્યાણ મેળો/વશી/૨૦૧૭.

**ઠરાવ:-**

વંચાણ-(૧) માં દર્શાવેલ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગરના તા.૧/૬/૨૦૧૭ ના પત્રથી સીડીપી-૨ યોજના હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ ના સીડીપી-૨ મોજણી અને અભ્યાસના આયોજન માટે રૂ. ૩૫૦૦-૦૦ લાખની ચાલુ બાબતની જોગવાઈ કરવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જે અન્વયે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં રૂ. ૩૫૦૦-૦૦ લાખની નીચેની વિગતે ચાલુ બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે.

| **પ્રકાર** | **જોગવાઈ ૨૦૧૭-૧૮ (રૂ. લાખમાં)** | **સદર** |
|---|---|---|
| સીડીપી-૨ મોજણી અને અભ્યાસના આયોજન માટે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રની રૂ. ૩૫૦૦-૦૦ લાખની ચાલુ બાબતની જોગવાઈની વહીવટી મંજૂરી બાબત. | ૩૫૦૦-૦૦ | માંગણી ક્રમાંક-૭૦<br>મુખ્ય સદર – ૨૫૧૫<br>અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ<br>પેટા મુખ્ય સદર-૦૦<br>ગૌણસદર-૮૦૦<br>પેટા સદર-૦૫<br>સીડીપી-૨ મોજણી અને અભ્યાસ |
| કુલ: | ૩૫૦૦-૦૦ | |

ઉક્ત જોગવાઈ અન્વયે રૂ. ૩૫૦૦-૦૦ લાખ (રૂપિયા ત્રણ હજાર પાંચસો લાખ પુરા) ની ચાલુ બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજનાઓ હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં ફેરફાર થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

ઉપરોક્ત શરતો તથા ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૩/૬/૨૦૧૬ ના ઠરાવક્રમાંક: SPO-૧૦૨૦૧૫-૬૯૧૦૯-ચ થી નક્કી થયેલ ઈ-ટેન્ડરીંગનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી ની નોંધથી તા.૧૬/૦૬/૨૦૧૭ ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એ. પરમાર)
સેકશન અધિકારી
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા-તમામ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.

- હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ (બે નકલ)